ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
મંગળવાર ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫




# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## મયો નદીના કિનારે ધબકતો વારસો ધરાવતું ગામ કાંકણપુર

## 13મી સદીના ઐતિહાસિક સ્થાપત્યો અને વેપારી સમૃદ્ધિનું સંગમ સ્થળ પ્રાચીન કંકાવટીનગરી કાંકણપુર તરીકે જાણીતું છે

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલું કાંકણપુર ગ્રામ્ય પ્રકૃતિ અને પ્રાચીન સંસ્કૃતિનો અનોખો સંગમ છે. આ ગામ પવિત્ર ‘મયો નદી’ ના કિનારે વસેલું છે. મયો નદીના નિર્મળ નીર અને અહીંની ફળદ્રુપ જમીને સદીઓથી કાંકણપુરને હર્યુંભર્યું અને સમૃદ્ધ રાખ્યું છે. નદી કિનારે આવેલા ઘાટ અને કુદરતી સૌંદર્ય ગામની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.ઐતિહાસિક સંદર્ભો અને પુરાતત્વીય તારણો મુજબ આજના કાંકણપુરનું મૂળ પ્રાચીન નામ ‘કંકાવટી’ હતું. આ નગરની રચના અને અહીંની જાહોજલાલી જોઈને જ તેનું નામ કંકાવટી પડ્યું હોવાનું મનાય છે. સમયના વહેણ સાથે અને ભાષાકીય અપભ્રંશને કારણે કાળક્રમે આ નગર ‘કાંકણપુર’ તરીકે ઓળખાવા લાગ્યું છે. ગામના પ્રવેશદ્વાર પર ‘કાંકણપુર’ નામનો ઉલ્લેખ જોવા મળે છે.કાંકણપુરના ઈતિહાસનું સૌથી ઉજળું પાસું તેનો સ્થાપત્ય વારસો છે. ગામમાં આવેલા શિવાલયો અને સ્મારકો ‘ઉત્તર સોલંકી કાલીન’ સમયગાળાના છે. પુરાતત્વ વિભાગના શિલાલેખ મુજબ, આ મંદિરોનું નિર્માણ 13મી સદીની આસપાસ થયેલું છે.

અહીંના મંદિરો પથ્થરોમાંથી કંડારાયેલા છે અને તેમાં ગણેશજી, ભૈરવ તથા અન્ય દેવી-દેવતાઓની





કલાત્મક મૂર્તિઓ જોવા મળે છે. આ સ્થાપત્યો મોઢેરાના સૂર્યમંદિરના સમકાલીન હોવાનું મનાય છે, જે તે સમયની શિલ્પકળાની શ્રેષ્ઠતા દર્શાવે છે.

કાંકણપુર માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ આર્થિક રીતે પણ સદીઓથી મહત્વનું કેન્દ્ર રહ્યું છે. ગોધરા અને શહેરા,લુણાવાડાને જોડતા મુખ્ય માર્ગો પર આવેલું હોવાથી, રાજાશાહી સમયમાં આ ગામ એક મુખ્ય ‘વેપારી મથક’ ગણાતું હતું. અહીં ભરાતા હાટ (બજારો) માં અનાજ અને ચીજવસ્તુઓનો બહોળો વેપાર થતો અને આજે પણ તે ચાલુ છે.આ વેપારી વારસો આજે પણ અકબંધ છે. ભારતીય ગ્રામીણ સંસ્કૃતિમાં ‘ચોતરા’નું અનેરું મહત્વ છે અને કાંકણપુર પણ તેમાં અપવાદ નથી. ગામની વિવિધ શેરીઓને જોડતા મુખ્ય માર્ગની વચ્ચે એક સુંદર ચોતરો આવેલો છે જે આજે પણ ગામની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યો છે. પવિત્ર પીપળાના વૃક્ષની શીતળ છાયામાં આવેલો આ ચોતરો ગ્રામજનો માટે વિસામાનું અને પક્ષીઓ માટે ચણનું કેન્દ્ર છે.

ગામના અગ્રણી વેપારી અને વડીલ શ્રી નવીનચંદ્ર મણિલાલ શાહના જણાવ્યા અનુસાર, એક સમયે કાંકણપુરમાં આવા કુલ 4 ચોતરાઓ હતા, જે ગામના સામાજિક જીવનના ધબકાર સમાન હતા. જોકે, સમયના વહેણ સાથે અને આધુનિકીકરણના કારણે આજે તેમાંથી માત્ર એક જ ચોતરો અડીખમ રહ્યો છે. આ એકમાત્ર બચેલો ચોતરો આજે પણ ગામના ભવ્ય ભૂતકાળ અને વડીલોની કોઠાસૂઝની સાક્ષી પૂરતો અડીખમ ઉભો છે.

## કાંકણપુર ગામમાં પથ્થરોથી નિર્મિત ઐતિહાસિક વાવ અને સોલંકીકાલીન શિવાલયો બેનમૂન પ્રાચીન સંસ્કૃતિ સમાન છે





**કાંકણપુરને પણ મોઢેરા જેવું જ ‘હેરીટેજ ટુરિઝમ સાઈટ’ બનાવી શકાય તેમ છે**

કાંકણપુર ગામમાં આવેલી પથ્થરોથી નિર્મિત ઐતિહાસિક વાવ પૂર્વજો જળ વ્યવસ્થાપનની સાક્ષી પૂરે છે, વેપાર, ધર્મ અને સ્થાપત્યના ત્રિવેણી સંગમ સમાન કાંકણપુર આજે પણ પોતાના ભવ્ય ભૂતકાળને સાચવીને વિકાસના પંથે અગ્રેસર છે. મોઢેરાની જેમ કાંકણપુરની વાવ વિકસે તો પંચમહાલના ઈતિહાસને નવી ઓળખ અને સ્થાનિકોને રોજગારી મળે તેમ છે. સોલંકીકાલીન શિવાલયોની સાથે સાથે અહીં આવેલી પથ્થરોથી નિર્મિત ઐતિહાસિક વાવ પણ સ્થાપત્યનો બેજોડ નમૂનો છે. જોકે કે આ ભવ્ય વારસો જાળવણીના અભાવે ધૂળ ખાઈ રહ્યો છે.

આ વાવ સાથે એક ખૂબ જ રોચક લોકવાયકા જોડાયેલી છે, ગામના વડીલો અને જાણકારોના મતે, એક સમયે આ વાવની અંદર એક ગુપ્ત ભોંયરું હતું. એવી માન્યતા છે કે “આ ભોંયરું કાંકણપુરથી સીધું પાવાગઢ ડુંગર સુધી નીકળતું હતું.” રાજાશાહી સમયમાં યુદ્ધ કે કટોકટીના સમયે સુરક્ષિત રીતે અન્ય સ્થળે જવા માટે આવા ગુપ્ત માર્ગો બનાવવામાં આવતા હતા. જોકે, સમય જતાં આ વાત હવે માત્ર એક દંતકથા કે લોકવાયકા બનીને રહી ગઈ છે અને રસ્તાઓ પુરાઈ ગયા છે. જો પુરાતત્વ વિભાગ અહીં સંશોધન કરે તો ઐતિહાસિક સત્યો બહાર આવી શકે છે. મહેસાણાનું મોઢેરા સૂર્યમંદિર અને ગોધરાનું કાંકણપુર બંને એક જ સમયગાળાના (સોલંકી યુગના) સ્થાપત્યો છે. મોઢેરાની વાવ અને મંદિર પરિસરનો વિકાસ થવાથી આજે દેશ-વિદેશના પ્રવાસીઓ ઉમટી પડે છે. જ્યારે કાંકણપુર પણ એટલું જ પ્રાચીન સ્થાપત્ય હોવા છતાં તે ઝાડી-ઝાંખરામાં ઢંકાઈ ગયેલ છે. સ્થાનિક લોકો અપેક્ષા રાખી રહ્યા છે કે કાંકણપુરને પણ મોઢેરા જેવું જ ‘હેરીટેજ ટુરિઝમ સાઈટ’ બનાવી શકાય તેમ છે. જો કાંકણપુરની આ વાવ અને સ્મારકોનો પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવામાં આવે, તો તેના સીધા લાભ પંચમહાલ જિલ્લાને મળી શકે તેમ છે. પ્રવાસીઓ આવતા સ્થાનિક યુવાનોને ગાઈડ તરીકે, તેમજ ગામના લોકોને પરિવહન, હોટેલ અને નાના વેપારમાં મોટી રોજગારી મળે. પંચમહાલ જિલ્લો અત્યાર સુધી માત્ર પાવાગઢ માટે જાણીતો છે, પણ કાંકણપુરના વિકાસથી જિલ્લાનો 800વર્ષ જૂનો ઈતિહાસ ઉજાગર થાય તેવું ઉજ્જવળ ભવિષ્ય છે. ગામના ઈતિહાસપ્રેમીઓ અને સ્થાનિક રહીશોની સરકાર પાસે એક જ માંગ છે કે આ વાવનું તાત્કાલિક રિનોવેશન કરવામાં આવે અને પ્રવાસન આકર્ષણ તરીકે રજૂ કરી ગામનો વિકાસ કરવામાં આવે.

## કાંકણપુર ટાઉન ટોક

### -: કાંકણપુર ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1150 |
| કુલ વસ્તી | 3497 |
| કુલ પુરૂષો | 1085 |
| કુલ સ્ત્રીઓ | 1716 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 90 |
| પુરૂષ સાક્ષરતા દર | 95 |
| સ્ત્રી સાક્ષરતા દર | 85 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 138 |
| ખેત મજૂર | 645 |
| સીમાંત વર્ગ | 66 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 740 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 160 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 00 |
| ગાય | 2118 |
| ભેંસ | 2431 |
| અન્ય | 796 |

### -: જમીન ક્ષેત્રફળ :-

00 હેક્ટર 00 આરે 00 ચો. મી.
ગૌચર 00 હેક્ટર 00 આરે 00 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1030 |

### -: આરોગ્ય સુવિધા :-

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 850 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 22 |
| ખેતી વિષયક જોડાણ | 38 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 550 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 350 |
| BPL કાર્ડ ધારકો | 190 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 210 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 170 |
| વિધવા સહાય | 90 |
| ઉજ્જવલા યોજનાના લાભાર્થી | 240 |